પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૦ | ૨૧ જાન્યુઆરી, ૨૦૧૮, રવિવાર ; મહા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આનંદીબેન ૨૩મીએ શપથગ્રહણ કરશે

મધ્યપ્રદેશના પદનામિત રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ ૨૩મીએ શપથગ્રહણ કરશે. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ગુજરાતના આગેવાનો ઉપસ્થિત રહેશે.

### મણીપુરમાં ધરતીકંપ

ભારતના પૂર્વોત્તર રાજ્ય મણીપુરમાં શનિવારે ૪.૨ની તીવ્રતાવાળો ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો. જ્યારે આસામમાં પણ ૫.૨ની તીવ્રતાવાળો આંચકો અનુભવાયો હતો.

### મધ્યપ્રદેશમાં ભાજપને ઝટકો

મધ્યપ્રદેશના રાધોગઢ મ્યુ. કોર્પોરેશનમાં ૨૪ વોર્ડમાંથી ૨૦માં કોંગ્રેસનો વિજય થતા ભાજપને મોટો ઝટકો લાગ્યો છે.

### રાજસ્થાન સરકાર પદ્માવત મામલે સુપ્રિમમાં

પદ્માવત ફિલ્મ પરનો પ્રતિબંધ હટાવાતા રાજસ્થાન સરકારે સુપ્રિમના નિર્ણય સામે જવાનો નિર્ણય કર્યો છે.

### વિવેકાનંદ અને નેતાજી જયંતિની જાહેર રજાની માંગ

સ્વામી વિવેકાનંદ અને નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિવસને કેન્દ્ર સરકાર જાહેર રજા ગણે તેવી માંગણી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કરી છે.

# પાક. સરહદે યુદ્ધ જેવી સ્થિતિ

**પાકે. ત્રીસ જેટલી બીએસએફ પોસ્ટ પર ફાયરિંગ કર્યું : બે જવાન શહિદ સહિત ૧૫ અને ૨૩ વર્ષના બે ભારતીય નાગરિકોના મોત : આઠ પાકિસ્તાની રેન્જર ઠાર**





જમ્મૂ,તા.૨૦

પાકિસ્તાન દ્વારા આજે પણ સરહદ પારથી ગોળીબાર યથાવત છે. જમ્મુ કાશ્મીરના ચાર જિલ્લાની આંતરરાષ્ટ્રીય સરહદે પાકિસ્તાની ફાયરિંગમાં બે જવાન શહીદ થયા છે. તો ભારતે કરેલા વળતા ફાયરિંગમાં પાકિસ્તાનના આઠ જવાન ઠાર મરાયા છે.

જમ્મુ-કાશ્મીરમાં ભારત-પાક. ઈન્ટરનેશનલ સરહદે અને વાસ્તવિક એલઓસી પર યુદ્ધ જેવી સ્ફોટક સ્થિતિ પ્રવર્તે છે. ઈન્ટરનેશનલ બોર્ડર પર યુદ્ધવિરામનો ભંગ કરીને વારંવાર ગોળીબાર અને મોર્ટારમારો કરી રહેલા પાકિસ્તાની દળોને ભારતના બોર્ડર સિકયોરિટી ફોર્સએ આપેલા વળતા જડબાતોડ જવાબમાં પાકિસ્તાનની ૩૫ ચોકીને નિશાન બનાવી હતી અને ભારતે કરેલા વળતા હુમલામાં પાકિસ્તાની રેન્જર્સના આઠ સૈનિકને ઢાળી દીધા હતા અને સિયાલકોટમાં ભારે તબાહી મચાવી હતી. આ ઉપરાંત ભારતીય દળોએ પાકિસ્તાનની કેટલીક ચોકીને પણ તબાહ કરી નાખી છે.


● અનુસંધાન પાન-૭ પર

# જજ લોયા મૃત્યુ કેસમાં ચીફ જસ્ટીસ સુનાવણી કરશે

**સુપ્રીમના ચાર જજ દ્વારા અસંતોષ વ્યક્ત કરાયા બાદ અંતે નિર્ણય : મિશ્રાએ સુનાવણીથી પોતાને અલગ કરી લીધા બાદ લોયાના મોત સંબંધિત કેસની સુનાવણી કોણ કરશે તેને લઇને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો**

નવી દિલ્હી,તા.૨૦

જજ બીએચ લોયાના જે કેસને લઈને સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ જજે બળવો કર્યો હતોતેની સુનાવણી હવે પોતે ચીફ જસ્ટીસ દિપક મિશ્રા કરનાર છે. આ મામલામાં જસ્ટીસ અરૂણ મિશ્રાની બેચ સુનાવણી કરી રહી હતી. ચાર જજ દ્વારા જાહેરમાં વાંધો ઉઠાવીને આની સામે વિરોધ કર્યાથી અટકળોનો દોર ચાલી રહ્યો હતો. ચાર જજ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ જસ્ટીસ અરૂણ મિશ્રાએ પોતાને સુનાવણીથી અલગ કરી લીધા બાદ આ મામલે સુનાવણી કોણ કરશે તેને લઈને ચર્ચા ચાલી રહી હતી. જસટીસ અરૂણ મિશ્રાએ પોતે કહ્યુ હતુ કે આ મામલે યોગ્ય બેચ સુનાવણી કરે તે જરૂરી છે. તેમના નિવેદન બાદથી ભારે સસ્પેન્સની સ્થિતી હતી. હવે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ પોતે જજ લોયાના મોત સાથે સંબંધિત કેસમાં સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે. આ મામલામાં ચીફ જસ્ટીસની બેંચમાં હવે અન્ય જજ જસ્ટીસ એએમ ખાનવિલકર અને જસ્ટીસ ડીવાય ચન્દ્રચુડ રહેશે. સુપ્રીમ કોર્ટના કોજલિસ્ટને ટાંકીને કહેવામાં આવ્યુ છે કે જજ લોયાની મોત સાથે સંબંધિત કેસમાં સુનાવણી હવે દિપક મિશ્રા કરનાર છે. તેમની સામે આ કેસ લાવવામાં આવનાર છે. ચીફ જસ્ટીસ ૨૨મી જાન્યુઆરીના દિવસે આ મામલામાં સુનાવણી હાથ ધરનાર છે.



● અનુસંધાન પાન-૭ પર

# ‘પદ્માવત’ ફિલ્મ મુદ્દે વસુંધરા સરકાર કાયદાકીય લડાઈ લડશે

ન્યુ દિલ્હી,તા.૨૦

સંજય લીલા ભણસાલીની ફિલ્મ ‘પદ્માવત’ને દેશની વડી અદાલતથી લીલી ઝંડી મળ્યા બાદ પણ રાજ્ય સરકારો કાયદાકીય લડાઈ લડવાની તૈયારમાં છે. વસુંધરા રાજે સરકાર સુપ્રીમકોર્ટનાં નિર્ણયને પડકારવાનાં મૂડમા છે. રાજસ્થાન સરકારે આ મામલામાં ગૃહ અને કાયદા મંત્રાલયનાં અધિકારીઓની એક ટીમ બનાવી છે, જે સુપ્રીમકોર્ટનાં નિર્ણયની સમીક્ષા કરશે. જાણકારી અનુસાર, પદ્માવતને લઈ ગઠિત કરવામાં આવેલ આ સમિતિને દિલ્હી મોકલવામાં આવેલ છે. માનવામાં આવી રહ્યું છે કે, રાજસ્થાન સરકાર તરફથી સુપ્રીમકોર્ટમાં પૂનઃ વિચારની અરજી દાખલ કરવામા આવી શકે છે. રાજ્યનાં કાયદા મંત્રી રાજેન્દ્ર રાઠોડે જણાવ્યું કે, અધિકારીઓની ટીમ સુપ્રીમકોર્ટનાં નિર્ણયનું અધ્યયન કરી રહી છે, જેના પછી પડકારોનાં વિકલ્પો અંગે વિચાર કરવામાં આવશે.

# વિહપમાંથી તોગડિયાની નિશ્ચિત બનતી હકાલપટ્ટી

**મોદી પર પ્રહારો કરાયા બાદ સંઘ ભારે નારાજ : વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય પ્રમુખ રાઘવ રેડ્ડી પણ સંઘની યાદીમાં સામેલ : પગલા લેવા માટેની તૈયારી**



નવી દિલ્હી,તા. ૨૦

વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકારી આંતરરાષ્ટ્રીય પ્રમુખ પ્રવીણ તોગડિયા અને ભારતીય મજદુર સંઘના મહાસચિવ બૃજેશ ઉપાધ્યાય દ્વારા મોદી સરકાર અને ભાજપની જાહેરમાં ટિકા કરવામાં આવ્યા બાદ સંઘ નારાજ છે. તેમની સામે કાર્યવાહી કરવાની તૈયારી સંઘ દ્વારા હાથ ધરવામાં આવી હોવાના હેવાલ મળ્યા છે. સંઘ પ્રવીણ તોગડિયા અને ઉપાધ્યાયને તેમના હોદ્દા પરથી દુર કરવા માટે તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

RAJVEE FOOD CORNER ®
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
design@imageink 9510254800

શું તમારા હાડકા તમારી ઉંમર કરતા વધુ વૃદ્ધ થઈ રહ્યા છે ?
કેલ્શિયમ
● નિયમિત કમરનો દુઃખાવો
● વારંવાર હાડકામાં ફ્રેક્ચર
● સમય જતાં ઉંચાઈની ખામી
● વાંકા થઈ જવું.
વૃદ્ધ હાડકાની નિશાની છે
BONE DEXA Camp
(કેલ્શિયમની તપાસ)
રજીસ્ટ્રેશન મફત
ફોન : ૨૩૨-૪૦૫૫૫
ડોક્ટર : ડો. વિજય એચ. ઉપાધ્યાય
: સ્થળ :
હાઈટેક હોસ્પિટલ
૧૧૮૦, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
તારીખ : ૨૨/૧/૨૦૧૮, સોમવાર ● સમય : સવારે ૧૦-૦૦ વાગે

વેચવાનું છે
2 BHK ફ્લેટ 151 sq yd
શોપ 225 sq ft
પ્રમુખ આર્કેડ, સરગાસણ રોડ, ગાંધીનગર
4 BHK બંગલો
પ્રમુખ રેસીડેન્સી, સીટી પલ્સની બાજુમાં, ગાંધીનગર
સંપર્ક
પરિમલભાઈ - 93761 31157

ગોડાઉન જોઈએ છે
FMCG કંપની માટે, ગાંધીનગરથી નજીક, ગ્રાઉન્ડ ફ્લોર, 1000 sq ft
સંપર્કઃ 98240 35151

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

પ્રવેશ જાહેરાત
ELEVATOR EDUCATION
શૈક્ષણિક લાયકાત ધોરણ ૭ પાસ
૩ માસનો અભ્યાસક્રમ
સંપૂર્ણ રોજગાર લક્ષી કોર્સ
૧૦૦ % જોબ પ્લેસમેન્ટની ગેરંટી.
યુવાનો માટે ગેરેન્ટેડ નોકરી મેળવવાની સુનહેરી તક
Institute of Elevators & Engineering
ઈન્સ્ટીટયુટ એડ્રેસ :
રાજ લબ્ધી હેરીટેજ, કોબા પેટ્રોલપંપની પાછળ,
મહાવીર હીલ્સ ૬૦ ફીટ અંબાપુર ટી.પી.રોડ,
કોબા જૈન દેરાસરની સામે, કોબા ગાંધીનગર હાઈવે
www.iee.org.in
સંપર્ક : 079 40 370 666
+91 9998018412

વ્યંધત્વ નિવારણ તેમજ ટેસ્ટ ટ્યુબ બેબી (IVF) અંગે માર્ગદર્શન ફ્રી મેગા કેમ્પ ગાંધીનગર માં
આપના ઘર આંગણે - ગાંધીનગર ખાતે
પારૂલ વુમન્સ હોસ્પિટલ એન્ડ આઈ.વી.એફ. સેન્ટર



તારીખ :૨૫-૦૧-૨૦૧૮, ગુરુવાર
સમય :સાંજે ૦૫.૦૦ થી ૦૯.૦૦ સુધી
સ્થળ :શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર
ડૉ. પ્રતીશ શારદા
એમ.એસ. (ગાયનેક)
ડિપ્લોમા ઈન એડવાન્સ ગાયનેક
એન્ડૉસ્કોપી (જર્મની)
ડૉ. કેના નરેન્દ્ર શાહ
જુના રીપોર્ટ્સ સાથે લઈને આવવા
કેસ નોંધાવવા માટે સંપર્ક : 90990 66075, 74900 51234
parul WOMENS' HOSPITAL & IVF CENTER Advance Test Tube Baby Center
પારૂલ વુમન્સ હોસ્પિટલ એન્ડ આઈ.વી.એફ. સેન્ટર
૪થો માળ, શિલ્પ કોમ્પ્લેક્ષ, ઓક્સફોર્ડ ટાવરની સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-52
ફોન નં. 079-2747 0001 | Email : parulhospital@yahoo.in | www.parulhospital.com